# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૨ સં.૨૦૭૯

અંક : ૪ માગશર-નવેમ્બર સળંગ અંક-૧૨૫



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ હે પ્રભો ! હું અજ્ઞાની નિર્ગુણ...

★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર - ૪

★ પરિગ્રહ-૧

★ લોકપ્રકાશના ભાવો, લોક ભોગ્ય ભાષામાં...


## આર્ષવાણી

**प्रतिकूलो विधिस्तेषां,**

**निर्धना ये विनिर्मिताः।**

**प्रतिकूलतमस्तेषां,**

**सतोऽर्थान् ददते न ये ।।**

જે નિર્ધન છે તેમનું ભાગ્ય તો વાંકું છે જ પરંતુ જે ધન હોવા છતાં દાન કરતા નથી, તેમનું ભાગ્ય તો અત્યંત વાંકું છે.

વિનય સર્વસંપત્તિને પ્રાપ્ત કરાવે છે. વિનીત જીવ યશ અને કીર્તિને પામે છે. દુર્વિનીત આત્મા ક્યારેય પોતાનાં કાર્યોની સિદ્ધિ કરી શકતો નથી.



## ★ હે પ્રભો ! હું અજ્ઞાની નિર્ગુણ... ★★★

- શ્રી ભક્તિમિત્ર

હે પ્રાણેશ્વર ! મિથ્યાત્વની અવસ્થામાં હું તને ન ઓળખી શકવાના કારણે ઘણી જગ્યાએ ભટક્યો. દેવતત્ત્વ તરીકે રાગી-દ્વેષી અને મિથ્યાત્વી (સંસારી) દેવોને મેં ઉપાસ્ય બનાવ્યા, ગુરુતત્ત્વમાં મેં ઘર-બારવાળા, વિષય-કષાય યુક્ત, અવિરતિમાં રહેલા, આરંભ-સમારંભમાં ડૂબેલા, યમ-નિયમાદિ રહિત, સંસારમાર્ગની પ્રરૂપણા કરનારા, પોતે જ ભૂલા ભટકેલા (તે બીજાને કઈ રીતે માર્ગે ચઢાવી શકે ?) એવા જીવોને પકડ્યા. કેવલિભગવંત સિવાયના જીવોએ મનઘડંત તૈયાર કરેલા ધર્મતત્ત્વનો ઉપાસક બન્યો. મિથ્યાત્વના કારણે અને સમ્યગ્જ્ઞાનના અભાવે સત્યાસત્યનો વિવેક ન કરી શક્યો. ક્યારેક તેવાં પ્રકારનાં અશુભ કર્મના યોગે શુદ્ધદેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની પ્રાપ્તિ જ ન થઈ શકી. નશીબે સાથે ન આપ્યો.

ક્યાંક તેવાં શુભ-શુદ્ધ તત્ત્વોની પ્રાપ્તિ થઈ પરંતુ કુમત અને કુમતિઓની જાળમાં ફસાયો. તેમની માયાવી મોહ-જાળમાં અટવાયો. મારો પુરુષાર્થ પણ પાંગળો રહ્યો ! ક્યાંક તેવા પ્રકારની ચમક - દમક જોઈ અંજાઈ ગયો. ક્યારેક કર્મના યોગે આવેલી આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી ઊગરવા માટે તેમનો સાથ લીધો. કર્મને અને પુણ્ય-પાપને ન સમજવાના કારણે હું વિચલિત થઈ ગયો. મારી શ્રદ્ધા ડગી ગઈ. કોઈકની અંધશ્રદ્ધાવાળી સલાહમાં તણાઈ ગયો. સાચી સલાહ આપનારની અવગણના કરી.

મારાં પાપકર્મનો નિકાચિત ઉદય હોવાથી તે આધિ - વ્યાધિ - ઉપાધિમાંથી મુક્તિ ન મળતાં મને શુદ્ધ દેવાદિ તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા થઈ. સામે પક્ષે ક્યાંક અન્ય (મિથ્યા) દેવદેવીઓની બાધા-માનતાથી (મારા જ સદ્ભાગ્યે તે દેવ - દેવીઓની તાકાતથી નહીં) સારું થયું તોય તારા પ્રત્યેની શ્રદ્ધા તે દેવ-દેવીઓ ઉપર ચાલી ગઈ. કાગ-તાલી ન્યાયે (કાગડાનું બેસવું ને તાળના ઝાડ કે ડાળીનું પડવું) ક્યારેક મારા પુણ્યથી સારું થવા છતાં મેં યશ તેમને આપ્યો ! મારી અજ્ઞાનતાની પણ મેં હદ વટાવી દીધી. જ્ઞાની તરીકે કહેવડાવનારા આ મારું જ્ઞાનનું પ્રદર્શન જ ગણાય ને ? હે કરુણાસાગર ! જગત વચ્ચે હું મારી જાતને હંમેશા ગુણસંપન્ન અને જ્ઞાની ગણાવતો આવ્યો છું. તારી આગળ અજ્ઞાની, નિર્ગુણી કહેવામાં મને શરમ - સંકોચ નથી, તેના કેટલાંક કારણો પણ હું જાણું છું.

૧. તું ત્રિકાળ જ્ઞાની છે. કેવળજ્ઞાનના પ્રકાશમાં તું બધું જ જાણે છે. પ્રગટ-

અપ્રગટ, જાહેર કે પ્રચ્છન્ન હોય... ભૂતકાળનું હોય કે ભવિષ્યકાળનું (વર્તમાનકાળ તો માત્ર એક જ સમયનો છે, તેને નજર સામે રાખી આ પ્રયોગ કર્યો છે.)... બધું જ તું જાણે છે ને જુએ પણ છે. કારણ, કેવળજ્ઞાન સાથે કેવળદર્શનનો પણ તું સ્વામી છે. બંને ગુણ સાથે જ રહેવાના સ્વભાવવાળા છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષય સાથે જ થતો હોવાથી બંને ગુણોનું પ્રાગટ્ય સાથે જ થાય છે. બંને ગુણો પારિણામિક ભાવના હોવાથી ક્યારેય તેનો વિયોગ થતો નથી.

૨. તારી આગળ મારું અસત્ય કે મારો દંભ ટકી શકે તેમ નથી. છદ્મસ્થ જીવોને કે સામાન્ય મતિ-શ્રુતજ્ઞાનવાળાને હું દાંભિક બનીને છેતરી શકું તેમ છું. તને છેતરવાની મારી પાસે (અરે ! જગતના કોઈ પણ જીવ પાસે) ક્ષમતા નથી.

૩. મારી વાત હું ન જાણતો હોય તેવું બને પણ ત્રણે જગતના તમામ જીવોની, સમગ્ર બાબતોને - વાતોને તું સર્વજ્ઞ હોવાથી જાણે છે. રજે-રજની વાતથી તું વાકેફ છે. અર્થાત્ અંધકારમાં થયેલી ઘટના પણ તારા જ્ઞાન-દર્શનથી બહાર નથી !

૪. તારી પાસે ગમે તેવી અક્ષમ્ય અપરાધની, જાલિમ પાપની, અશોભનીય દોષો - દુર્ગુણોની વાત રજૂ કરવામાં મારી જગતમાં હલકાઈ થવાની કોઈ ભીતિ નથી. 'હોઠ બહાર છે કોટ બહાર' એ કહેવત તને લાગું પડતી નથી. તારી ગંભીરતા જ એવી છે. સાગરની ગંભીરતા પણ ત્યાં વામણી પુરવાર થાય તેમ છે !

૫. સૌથી મહત્ત્વનું કારણ છે. તારી પાસે વ્યક્ત કરેલા (કહેલા) એ મારા દોષો પ્રત્યે મને પોતાને નફરતનો ભાવ જાગવાથી દોષ-મુક્તિ શીઘ્ર શક્ય બને છે. દોષો કે દુર્ગુણો જ્યાં સુધી ખટકે કે ડંખે નહીં અથવા ગમતા હોય ત્યાં સુધી તે આત્મામાંથી ન જ નીકળે અથવા તેને કાઢવાનો પુરુષાર્થ જીવ ન જ કરે; તે સ્વાભાવિક છે. દુર્ગુણો પ્રત્યે નફરત જાગવી જોઈએ. તે પૂર્વે તે દુર્ગુણોની ઓળખ થવી જોઈએ. શત્રુની ઓળખ થયા વગર શત્રુથી સાવધાની ન જ જાગે. દુર્ગુણોને પોતાની મૂડી ગણનારો જીવ તેને સાચવીને જ રાખશે.

હે પરોપકાર પરાયણ દેવાધિદેવ ! મારા દોષો અને દુર્ગુણો પ્રત્યે નફરતનો ભાવ જગાડો. બીજી તરફ તે દોષોના પ્રતિપક્ષી ગણાતા સદ્ગુણો પ્રત્યે પ્રીતિ પણ જગાડો. ગુણાનુરાગ પ્રગટ્યા પછી જ ગુણો પ્રાપ્ત થાય છે. ગમતી ચીજ મેળવવા કોણ તૈયાર ન હોય ?

આખું જગત અનિષ્ટના વિયોગ માટે અને ઈષ્ટના સંયોગ માટે જ તો રાત-દિવસ મહેનત કરે છે, વલખાં મારે છે. એ માટે જ મન-વચન-કાયાદિની સર્વ શક્તિઓને કામે લગાડે છે. તે માટે વચમાં આવતી પીડાનો હસતા મોંએ સ્વીકાર



કરી લે છે ! ત્યાં આવતાં દુઃખોને તે જીવ ગણકારતો નથી. અથવા ભવિષ્યમાં મળનારાં (વાસ્તવિક નહીં, માની લીધેલાં) સુખોને ધ્યાનમાં રાખી તેની અવગણના કરે છે. તાવ કાઢવા કડવી દવા પીવી પડે તેમ, સુખ મેળવવા દુઃખ ભોગવવાં પડે - એવું માનીને એ દુઃખરૂપ કડવા ઘુંટ પી જાય છે.

હે પ્રાણેશ્વર ! આપ હંમેશા કહો છો કે - દ્રવ્ય પાણ કરતાં વધારે ભાવપ્રાણની (આત્મગુણોની) પ્રાપ્તિ અને સુરક્ષા માટે યત્ન કરવાનો છે. ભાવપ્રાણની રક્ષા કરે તેવા દ્રવ્યપ્રાણ જ સાર્થક છે. ભાવપ્રાણની હાનિ થાય, ભાવપ્રાણ ગુંગળાય તેવા દ્રવ્યપ્રાણની શું કિંમત ? દ્રવ્યપ્રાણની સુરક્ષામાં ભાવપ્રાણની સુરક્ષાનો ઉદ્દેશ હોય તો જ તે દ્રવ્ય પ્રાણ સફળ ગણાય. આવી બધી વાતો સાંભળવા-જાણવા છતાં અનાદિના પ્રવાહમાં તણાઈ જવાના કારણે દ્રવ્યપ્રાણરૂપ પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્યનો ઉપયોગ સંસાર વધારનારી - આંરભ - સમારંભ વગેરે ક્રિયાઓમાં જ વિશેષ થઈ રહ્યો છે. આ ઉપરાંત મળેલી બુદ્ધિ વગેરે શક્તિઓ પણ એ જ માર્ગે ખર્ચાઈ રહી છે. તેનાથી મારો સંસાર, સંસારનું પરિભ્રમણ વધી રહ્યું છે. દુઃખ - પીડાની સાથે સાથે દોષોમાંય વધારો થઈ રહ્યો હોય એવું સ્પષ્ટ જણાય છે... છતાંય અભાગિયો હું એ જ માર્ગે દોડી રહ્યો છું ! હે કરુણા-સાગર ! મારું શું થશે ? મારી કરુણકથની કઈ રીતે વર્ણવું ? અલબત્ત, આપ તો સર્વજ્ઞ હોવાથી બધું જ જાણો છો.

પ્રેમ અને લાગણીના બહાને મને મારાં માતા-પિતા, ભાઈ-બહેન વગેરે શરીરના સંબંધો અને સ્વાર્થવૃત્તિને ધારણ કરનારા જીવોય ભ્રમિત કરી રહ્યા છે, ફસાવી રહ્યા છે. ભૂલ-ભુલામણીમાં પાડી રહ્યા છે. દશે દિશાઓથી ઘેરાઈ ગયો છું. શું કરવું તેની સૂઝ નથી પડતી. મારી બુદ્ધિનેય સગાંવહાલાં અને મોહાદિ તત્ત્વોએ અવળા માર્ગે ચઢાવી દીધી છે. તારા શરણે આવવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં સંસાર-પરિવારના કંઈ-કેટલાય પ્રશ્નો વિચારનાં વમળો સર્જવાનું કામ કરે છે. જાત કરતાં જગતની કરાતી ચિંતા પણ આમાં જવાબદાર છે. કુટુંબ - પરિવાર, માલ-મિલકત, શરીર-ઈન્દ્રિયો વગેરેના વિચાર અને ચિંતાઓમાં મારા પોતાના આત્માની ચિંતા વિસરાઈ ગઈ છે. હે નાથ ! હું મારી જાતને જ ભૂલી ગયો છે. મારી મુર્ખાઈનું આનાથી મોટું પ્રદર્શન ક્યું હોઈ શકે ?

પ્રેમ અને લાગણીનો દેખાવ કરનારા જીવોનો જગતમાં કોઈ તોટો નથી. અવસરે આ જ જીવો કાં તો દૂર થઈ જાય છે, કાં તો દુશ્મન બનીને પરેશાન કરી મૂકે છે ! પોતાના જ ગણાવનારા જ્યારે આવો દગો કરે, વિશ્વાસઘાત કરે, છેહ

આપે, વિમુખ બની જાય ત્યારે રાગ પણ દ્વેષમાં પલટાઈ જાય છે. ક્રોધાદિ કષાયો મારા દિલ પર છવાઈ જાય છે. હે દેવાધિદેવ ! આ કષાયોના કારણે મારા ધર્મના ભાવો ઘવાય છે. ધર્મની જગ્યાએ અધર્મ મારા પર હાવી થઈ જાય છે. તારો ઉપદેશેલો જીવ માત્ર પ્રત્યેનો 'મૈત્રીભાવ' નંદવાઈ જાય છે. શત્રુતાના ભાવો મારા અંતઃ-કરણને દૂષિત બનાવી દે છે. આ શત્રુતા ન જાણે કેટલા ભવસુધી મારો પીછો કરશે? શત્રુ દૂર થયા પછી પણ મનમાંથી શત્રુતા ખસતી નથી. કાશ ! આ શત્રુતા સૌ પ્રથમ તો મારું જ અહિત કરે છે. મને જ રાત-દિવસ હેરાન કરે છે. શસ્ત્ર તો શરીરને નુકશાન કરે છે. જ્યારે દુર્ભાવો તો મન-વચન-કાયાઃ ત્રણેને નુકશાન પહોંચાડે છે. શસ્ત્ર તો ક્યારેક અહિત કરે છે. દુર્ભાવના તો સતત અહિત કરે છે. હે પ્રભો ! મને લાગે છે શસ્ત્ર કરતાં દૂષિત (સંક્લિષ્ટ) અંતઃ કરણ ખૂબ ખતરનાક છે!

પ્રેમ-લાગણી-મમતા જેવાં તત્ત્વો સાથે સ્વાર્થ જોડાય છે, ત્યારે એનું ભાવિ સમુજ્વલ નથી હોતું. જ્યારે કરુણા નિઃસ્વાર્થ હોવાના કારણે ભવિષ્ય ઉજ્વળ દેખવા મળે છે. હે કૃપાસિંધુ ! તારા અંતઃકરણમાં તો કરુણાનો સમુદ્ર જોવા મળે છે. તારું ચિત્ત હંમેશા કરુણાથી ભીનું - ભીનું અથવા હર્યું-ભર્યું જ રહે છે. તે કરુણાનાં નીર ક્યારેય સૂકાતાં નથી. વર્ષાઋતુ હોય કે ગ્રીષ્મઋતુ.. કોઈ જ ફરક પડતો નથી. તેમાં ક્યારેય પાનખર કે વસંતની કોઈ અસર જણાતી નથી. તારું દિલ કાયમ કરુણાથી પરિપ્લાવિત જ હોય છે. નદીનાં નીર સૂકાય પરંતુ સમુદ્રનાં જળ ક્યારેય ન જ સૂકાય ! તું તો કરુણાસમુદ્ર છે. ભક્તો પ્રત્યે જ નહીં, દુશ્મનો પ્રત્યે પણ તારું દિલ કરુણાથી ભરપૂર જ રહ્યું છે. અલબત્ત, વ્યવહારથી કહું તો ભક્ત કરતાં- ભક્તિ કરનારા જીવો કરતાં ઉપસર્ગ અને પરિષહ ઊભા કરનારા જીવો પ્રત્યે વિશેષ કરુણા ઉભરાતી જોવા મળે છે!

નરકમાં જનારા આપના પરમભક્ત (વીરપ્રભુને રોમે-રોમમાં, શ્વાસોશ્વાસમાં વસાવનાર, અસ્થિ-મજ્જા બનાવનાર)શ્રેણિકરાજા પ્રત્યે આપે ક્યારેય આંસુ નથી વહાવ્યાં... પરંતુ સતત છ-છ મહિના સુધી ઉપસર્ગની ઝડીઓ વરસાવનાર સંગમ પ્રત્યે આપે કરુણાના યોગે જ આંસુ વહાવ્યાં...! આ આંસુઓમાં કરુણાનાં જ દર્શન થતાં હતાં ! માટે જ કોઈ ભક્તના હૃદયમાંથી એ પંક્તિ નીકળી.... 'હે કરુણાના કરનારા ! તારી કરુણાનો કોઈ પાર નથી....'

હે જગતવત્સલ ! તારા વાત્સલ્ય આગળ જગતની તમામ માતાઓનું વાત્સલ્ય ઝાંખુ પડી જાય છે. માત્ર અભયદાન આપવામાં જ તું શિરોમણિ નથી, વાત્સલ્ય - કરુણાદિનાં દાનોમાંય તું અગ્રેસર છે. દાન આપવામાંય તારું નામ મોખરે ગણાય



છે, તો દાન લેવામાંય તું રત્નપાત્ર ગણાય છે. મતલબ, મહાભાગ્યનો ઉદય હોય તેને જ તને સુપાત્રદાન આપવાની તક પ્રાપ્ત થાય છે. તેં આપેલા દાનના માધ્યમથી જેમ તે અનેકોને તાર્યા... તેમ તને જે - જે પુણ્યશાળીએ દાન આપ્યું (ગોચરી વહોરાવી) તેનેય તેં તારી દીધા ! અભવ્યજીવને આવી તક મળતી નથી. અભવ્યજીવ ભલે ચારિત્રનો સ્વીકાર કરતો હશે, પરંતુ તારા હાથે (અંતિમ જન્મમાં)તો તેને દીક્ષા ન જ મળે !! હે જિનેશ્વર ! હે તીર્થાધિપતિ ! તારે હાથે એક વાર મને રજોહરણ મળે તો મારાં કર્મોની રજનો સફાયો થઈ જાય. એવી કરુણા મારા પર જરૂર કરજે. ધ

## ★ પત્રપાથેય ★★★

તા.૧-૭-૨૦૨૨ મસૂર, જિ.સાતારા
જૈન ઉપાશ્રય

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્મપ્રેમી શ્રીશીતલનાથ જૈન શ્વે. મૂ. જૈન સંઘ - ઈડર યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુપસાયે સુખશાતા છે. આ પત્ર સંઘમાં દરેકને વંચાવશો.

વિ.જણાવવાનું કે - મનીષ - નીલેશ વગેરે શ્રાવકો બે વાર મારી પાસે આવી ગયા. પહેલાં શ્રીઆદીશ્વર ભગવાન વગેરેની દૃષ્ટિ મળતી નથી. વગેરે વાતો કરી. બીજી વાર આવ્યા ત્યારે શ્રીશીતલનાથ ભગવાનના ગભારા વગેરેનાં માપ મળતાં નથી... વગેરે વાતો કરી. બીજી વાર આવ્યા ત્યારે શ્રીશીતલનાથ ભગવાનના ગભારા વગેરેનાં માપ મળતાં નથી... વગેરે વાતો કરી..

તમામ પાસાંઓની વિચારણા કરતાં જણાય છે કે - શ્રીશીતલનાથજિનાલય ઘણું પ્રાચીન છે. દૈવી સંકેત પ્રમાણે બનેલ છે. માત્ર ચોરોએ ભગવાનનું ઉત્થાપન કરી લેવાથી તે જિનાલય તીર્થરૂપે મટી જતું નથી. શત્રુંજય વગેરેમાં વિધર્મીઓએ ભગવાન ખંડિત કરી નાંખ્યા તોય તીર્થ તરીકે લગભગ ૧૦૦-૧૫૦ વર્ષ ભગવાન પણ પૂજાયા તીર્થ મટી ન ગયું.

મસૂરમાં પણ શતાબ્દી ઉજવી... તેમાં વચ્ચે પુનઃ પ્રતિષ્ઠા થઈ જ હતી. છતાં પહેલી પ્રતિષ્ઠાને કાયમ ગણીને જ શતાબ્દી ઉજવાઈ.

જિનાલય પ્રાચીન હોય તો પણ તે તીર્થ જ ગણાય છે. તેમ ભગવાન પ્રાચીન હોય તો પણ તીર્થ જ ગણાય. માત્ર ઉત્થાપન કે પ્રતિષ્ઠાના મુદ્દાને આગળ કરવો યોગ્ય નથી.

પ્રાચીનકાળમાં સોમપુરા (સ્થપતિ)પોતાના આંગળ અને ગજથી માપ

લઈને જિનાલય બનાવતા હતા. તેથી હાલના માપમાં અને પ્રાચીનકાળના માપમાં ફરક પડવાનો. આજે પણ કેટલાંક દેરાસરોમાં જૂના ગજ પત્થરમાં કોતરેલા મળે છે. ત્યાં આજના ફૂટ-ગજ પ્રમાણે માપ ખોટાં જ ઠરે છે. તો તેમાં કોઈ દોષ ગણાતો નથી. ત્યારના માપ અને હાલના માપનો મેળ ક્યાંય ખાતો નથી.

તે માટે માનવનો નહીં કોઈ દૈવી સંકેત મળે તો જ વિચારી શકાય.

પાછળના આદિનાથ વગેરે ને માત્ર રૂમ બનાવી મંદિરનું રૂપ આપેલ હોવાથી તેનાં માપ કે દૃષ્ટિ ન મળે તે સ્વાભાવિક છે. તેના ઉપરનો ઘુમ્મટ પણ માપ પ્રમાણે ક્યાં છે ?

શામળા પાર્શ્વનાથના પબાસણનો દોષ તો સુધારી શકાય તેમ છે. તે માટે ઉત્થાપન વગેરેની જરૂર નથી.

માત્ર પૈસા આપનાર કે કામ કરાવી આપનાર મળી જાય તેની લાલચમાં આવીને જીર્ણોદ્ધાર નક્કી કરવો યોગ્ય નથી. પૈસાનો દુર્વ્યય કર્યાનો દોષ તો લાગેને? મૂળ મંદિરને હજી વર્ષો સુધી કાંઈ થાય તેમ નથી. વળી, મારા પૂ.ગુરુદેવે કરોડો રૂપિયાનો ખર્ચ કરાવી જરૂરી જીર્ણોદ્ધાર વગેરે કાર્યો કરાવ્યાં જ છે.

કોઈ પણ વ્યક્તિને પોતાનું નામ આવતું હોય તો રસ હોય તેમાં નવાઈ નથી. એટલા માત્રથી કૂદી ન પડાય. આ વિષય ઘણો ગંભીર છે. ઉતાવળે નિર્ણય ન કરાય. ઘણી વખત માઠાં પરિણામ પણ જોવા મળે છે. વધુ જાણવાની ભાવના હોય તો સંઘના તમામ સભ્યો મને મળી શકો છો.

આરાધનામાં ઉજમાળ રહેશો.

**દ. આ.વિ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.**

## ★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર - ૪ ★★★

**- સંકલન-સંવર્ધનઃ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

હવે આ ચોથા લેખમાં વર્તમાનમાં દેખાતા જિનાલયના અંતિમ યાને સોળમા જીર્ણોદ્ધારની વાત વિચારવાની છે. આ પણ ઈતિહાસ રોમાંચક છે. આ ઉદ્ધારનું શ્રેય ચિતોડની વીરભૂમિના થયેલા શ્રીમાળી વંશના કર્માશાહને નામે જાય છે. તેમણે આ ઉદ્ધાર માટે જબરદસ્ત પરાક્રમ - પુરુષાર્થ કરેલ છે.

આ જીર્ણોદ્ધારની વાતને આપણે ત્રણ ભાગમાં વહેંચીશું : ૧. સામાન્યભૂમિકા ૨. ઐતિહાસિક ઘટના અને ૩. ઉદ્ધારનું રોમાંચક વર્ણન.

**૧. સામાન્યભૂમિકાઃ** સામાન્યવર્ણનમાં આપણે એ વાતને ધ્યાનમાં લેવી છે કે- આ ઉદ્ધારની જરૂર કેમ ઊભી થઈ ?



પંદરમા ઉદ્ધારમાં સમરાશાહની સ્થાપના કરેલી પ્રતિમા મુસલમાનોએ ખંડિત કરી નાખી. હા, આવી ખંડિત મૂર્તિ પણ ઘણા વર્ષો સુધી પૂજાઈ. કારણ એ હતું કે - નવી પ્રતિમા સ્થાપન કરવા માટે સત્તાધારી મોગલ સમ્રાટની અનુમતિ જોઈએ. એ અનુમતિ મળતી ન હતી. એટલે આ ખંડિત પ્રતિમાની પણ શ્રદ્ધાથી પૂજા થતી રહી. ભવ્યાત્માઓ ભાવથી ઉપાસના કરતા રહ્યા. અનુમતિ વગર નવી મૂર્તિ બિરાજમાન કરવામાં પુનઃ આક્રમણ અને ખંડિત કરવાની પૂરી દહેશત હતી. ધર્મઝનૂની આ પ્રજા જૈનધર્મની કટ્ટર વિરુદ્ધ હતી. હિંદુ અને જૈનોને તેઓ કાફર માને, તેથી દુશ્મનની અદાથી જ જુએ અને વિચારે.

મંદિરના ઉદ્ધારની વાત છે. નવી પ્રતિમા બિરાજમાન કરવાની વાત તો ઘણી દૂર રહી.... તીર્થ પર દર્શન કરવા જવાની અનુમતિ મેળવવાય આજીજી કરવી પડતી ! ક્યારેક રજા મળતી, ક્યારેક ન મળતી. મળે તોય મોં માગ્યા પૈસા આપવા પડતા. પૈસા આપતાંય પ્રભુનાં દર્શન મળે... ભક્તિ મળે તો શ્રદ્ધાવંત જૈનો; હાથનો મેલ જાણી પૈસા ખર્ચીનેય દર્શન કરી લેતા. પૈસા કરતાં એ સમયે જૈનોને મન ગિરિરાજ અને તીર્થાધિપતિની ભક્તિ વધારે વહાલી હતી. એ દર્શન - સ્પર્શન-વંદન - પૂજન માટે જૈનો તડપતા હતા. અનંતા જન્મોમાં નથી મળ્યા તેવા પ્રભુ આ જન્મમાં મળ્યાની કિંમત તેઓ સમજતા હતા.

કાળ બહુ સ્થાવર ગયો.. ભમિયો ભવમાંહિ, વિકલેન્દ્રિય એળે ગયો, સ્થિરતા નહિ ક્યાંહિ... વળી, તિર્યંચ પંચેન્દ્રિયમાં, દેવ ! કર્મે હું આવ્યો... કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નવિ પાયો.. ઈમ અનંત કાળે કરી, પામ્યો નર અવતાર, હવે જગતારક ! તું મળ્યો, ભવ જલ પાર ઉતાર...આવી વાતો ચૈત્યવંદન-છંદાદિમાં જોવા-જાણવા મળે છે... આવો વિચાર કરાય તો પ્રભુનાં દર્શન-પૂજનની કિંમત સમજાય, ગિરિસ્પર્શનનો મહિમા ગળે ઊતરે. હૃદયમંદિર પ્રભુની સ્થાપનાથી અલંકૃત બને. ' પ્રભુ ! હવે પધારો મન મંદિરમાં' એવું કહેવા મન ઉલ્લસિત થાય જ! મનમંદિરનાં દ્વાર જિનરાજ માટે ખુલ્લાં થાય, જે આજ સુધી મોહરાજાએ બંધ રખાવ્યાં હતાં. મોહરાજા હોય ત્યાં જિનરાજ ક્યાંથી આવે ? જિનરાજ હોય તો મોહરાજને પ્રવેશ ક્યાંથી મળે ? બંને પરસ્પર વિરુદ્ધ છે. રાગ અને વિરાગની હાજરી સાથે ક્યાં સંભવે ? આગ અને પાણી સાથે ક્યાં રહી શકે ? રાત અને દિવસ સાથે ન જ રહી શકે. સૂર્ય અને ચંદ્ર આકાશમાં ભલે હોય - મતલબ, બંનેની હાજરી આકાશમાં હોવા છતાં એક જ ક્ષેત્રમાં બંનેનો પ્રકાશ સાથે હોય કે ? એક મ્યાનમાં બે તલવાર પણ સાથે ન જ હોય.

સંખ્ય-અસંખ્ય કે અનંતકાળે પ્રભુ મળતા હોય તો તેની કિંમત કેટલી ગણાય? ૮૪ લાખ યોનિમાં ગણીએં તો પ્રભુનાં દર્શન થઈ શકે - મળી શકે તેવી યોનિ કેટલી ? માત્ર પંચોન્દ્રિયની ગતિમાં જ પ્રભુનાં દર્શન મળે. તેમાંય નરક ગતિની બાદબાકી કરવી પડે. ઉપરાંત તિર્યંચ ગતિમાંય ભાગ્યે જ પ્રભુનાં દર્શન પ્રાપ્ત થાય. માનવમાંય આર્યદેશ - આર્યકુળ વગેરે ઉત્તમ સામગ્રીના યોગ બાદ પ્રભુ મળવાની સંભાવના ગણાય. એટલે કે માત્ર ૨૨ લાખ યોનિમાં જ જિનરાજનાં દર્શન મળી શકે. બાકીની ૬૨ લાખ યોનિમાં જિનદર્શનથી હંમેશા વંચિત જ ગણાય.

૨૨ લાખ યોનિમાંય ખૂબ જ થોડા જીવોને પ્રતિમારૂપે પણ દર્શન મળે. સાક્ષાત્ વિહરમાન ભગવાનનાં દર્શન તો ખૂબ જ જૂજ જીવોને જ મળે છે. આવો દુર્લભ સંયોગ મળવા છતાં કેટલાક જૈનકુળમાં જન્મેલા નબીરાઓને તો જિનપૂજન કે જિનદર્શનની ભાવના જ દિલમાં ઊઠતી નથી. ભાવના જ ન જાગે તો હૃદયમાં ઉછાળો-ઊમળકો ક્યાંથી આવે ? ખેર ! તે જીવો અભાગિયા જ ગણાય. ફરીથી, જ્યાં દર્શન જ ન મળે એવી યોનિમાં ચાલ્યા જાય છે.

કર્મ-વિજ્ઞાન અને જન્મ-મરણની જાણકારી પ્રાપ્ત થઈ હોય તો આ વાત જલદી ગળે ઊતરે. ઘણા કમનસીબ જીવો જૈનકુળમાં જન્મ લેવા છતાં શ્રદ્ધાહીન હોય છે. જ્ઞાની ભગવંતોનાં નિઃસ્વાર્થ અને એકાંતે ઉપકારક ટંકશાળી વચનો તેના ગળે ઊતરતાં નથી. દિલમાં એને સ્થાન મળતું નથી આસ્થા - શ્રદ્ધાને અવકાશ મળે જ ક્યાંથી ? પૈસાનો પૂજારી પ્રભુથી દૂર રહે તેમાં નવાઈ નથી. પ્રભુનો પૂજારી પૈસાથી દૂર જ રહે તેવો નિયમ ન બનાવાય. મતલબ, પ્રભુના પૂજારી પાસે અઢળક પૈસો હોઈ શકે છે, ત્યારે તો આટલાં જિનાલયોનાં, જિનબિંબોનાં નિર્માણ અને વિવિધ ભક્તિનાં દર્શન શક્ય બને ! પરંતુ એ પૈસોનો ગુલામ તો ન જ હોય. પૈસાના ભોગે તેને પ્રભુ મળે તો ચાલે પણ પ્રભુના ભોગે (પ્રભુને કે પ્રભુ ભક્તિ છોડીને) પૈસા મળે તે તેને હરગીજ ન ખપે. આવા ભક્તોથી જ ઇતિહાસ સમૃદ્ધ બને છે. આવા જીવોને ધન કરતાં, ભૌતિક સુખો કરતાં ધર્મ વધારે પ્રિય હોય છે.

ધર્મની સુરક્ષા માટે ક્યારેક ધર્મ જ ઉપયોગમાં આવ્યો છે. ક્યારેક ધન ઉપોયગી બન્યું છે, ક્યારેક સંબંધો જવાબદાર પુરવાર થાય છે. તો ક્યારેક શામ-દામ-દંડ-ભેદની નીતિ નિર્ણાયક સાબિત થઈ છે. મુસલમાનો સામે બળથી કામ લેવાય તેમ નથી. ત્યાં તો કળથી જ કામ લેવું પડે છે. બળ અને કળનો યથાસ્થાને ઉપયોગ કરવામાં આવે તો જ યોગ્ય કાર્ય થાય. કળની જગ્યાએ બળ અને બળની જગ્યાએ કળ વાપરે તો ઈષ્ટ પરિણામ ન મળે. હા, ક્યારેક કળ અને બળ બંને નો



ઉપયોગ પણ કરવો પડે છે. આનો નિર્ણય જ્ઞાન અને વિવેકનાં માધ્યમથી કરવો હિતાવહ છે.

એ મોગલોના કાળમાં ઘણી અંધાધુંધી ચાલી. ઘણાં ઘણાં વર્ષો સુધી આવી નાદીરશાહી ચાલી. તાનાશાહીનો ઘેરો પડછાયો ભારતદેશ પર રહ્યો. હા, એટલા માત્રથી જૈનાચાર્યોથી લઈ જૈનશ્રાવકો હતાશાનો ભોગ નથી બન્યા. એના માટે યોગ્ય સમયની રાહ જોઈ એ વાત જુદી. ક્યારેક તો આવી તાનાશાહી સામેય અવાજ ઉઠાવ્યો છે, આપણા સાત્ત્વિક ધર્માત્માઓએ ! પરિણામે મુસલમાનોનેય ઝૂકવું જ પડ્યું હતું ! 'હિંમતે મર્દા તો મદદે ખુદા' આ કહેવત અમસ્તી નથી પડી. કાશ ! એમાં પ્રાણ સટોસટનો ખેલ ખેલવો પડે છે. આવા પ્રસંગે પ્રાણ અર્પણ કરનારો શહીદ અથવા સાચો બલિદાન કરનારો ગણાય છે. પરિવાર માટે મૃત્યુને ભેટનારો ક્યારેય શહીદ ન ગણાય. એમાં તો સ્વાર્થ રહેલો છે. સ્વાર્થી જીવોની તો સંસારમાંય કદર થતી નથી, ધર્મના ક્ષેત્રમાં ક્યાંથી થાય ?

સિદ્ધાચલની વાત કરીએ તો તે જમાનામાં ગિરિરાજની આ દુર્દશા જોઈને જૈનોની આંખો ચોંધાર આંસુ વહાવતી હતી ! ધર્મ - ધર્મક્ષેત્ર - તીર્થક્ષેત્ર - તીર્થના પ્રાણ સ્વરૂપ પરમાત્માની આવી દશા જોયા પછી કયા ધર્માત્માને પીડા ન થાય ? પીડા થાય તો એ આંસુરૂપે દષ્ટિગોચર થાય છે.

અંધકારમાં નાની ચિનગારી પ્રગટે તો અંધકારનો વિનાશ શક્ય બને છે, તે જ રીતે વિક્રમની સોળમી સદીના ઉત્તરાર્ધમાં ચિતોડની વીર ભૂમિમાં, સપુત વીર કર્માશાહનો શ્રીમાળીવંશમાં જન્મ થયો. એ પુણ્યાત્મા - સાત્ત્વિક ધર્માત્માએ આ તીર્થનો ૧૬ મો ઉદ્ધાર કર્યો. તે પછી આટલી દયનીય સ્થિતિ જોવા મળી નથી. એટલું જ નહિ, દિનપ્રતિદિન અધિક અધિક તીર્થોન્નતિ જોવા મળી રહી છે. એમાં વળી, જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મ.ના અપૂર્વ સામર્થ્યથી આ તીર્થની ઉન્નતિને સહસ્રશઃ વેગ મળતો ગયો. તેના યોગે જ આજે આ તીર્થ તીર્થાધિરાજ મંદિરોની નગરીમાં ગણના પામે છે. મતલબ, સેંકડો જિનાલયો, હજારો જિનપ્રતિમાઓથી આ જિનાલયોનું નગર કહેવાય છે !

આજે જે જિનાલય અડીખમ ઊભું છે, તે કર્માશાહના ઉદ્ધારને આભારી છે. એ જ જિનાલય અને એ જ પ્રતિમા આજે સેંકડો સાલથી પૂજાય છે હજારો-લાખો યાત્રિકો લગભગ દરમહિને યાત્રા કરે છે. ૫૦૦ વર્ષ પૂરાં થવાની તૈયારી છે. એ પંચશતાબ્દીની ઉજવણી માટેની તડામાર તૈયારી પણ ચાલું થઈ ગઈ છે. કરોડો રૂપિયાનું ફંડ પણ નાની યોજના દ્વારા ઊભું થઈ ગયું છે. એ વર્ષે જૈનો ધન-

કંચનની વર્ષા કેવી કરશે એનાં એંધાણ અત્યારથી જ મળી રહ્યાં છે. ભૂતકાળની જેમ તમારે પ્રાણની આહુતિ નથી આપવાની, માત્ર ધનના મમત્વનો જ ત્યાગ કરવાનો છે. એટલે કે ધનની જ કુરબાની કરવાની છે. પાપલક્ષ્મીને પુણ્યલક્ષ્મી બનાવવાની છે. ખેડૂતની ભાષામાં વાત કરીએ તો આ ત્યાગ નથી, વાવેતર છે. વાવણીની વેળા છે, વાવી લો, ભાઈ ! વાવી લો.. વગેરે પ્રયોગ આવા અર્થમાં જ થાય છે.

હાલ તો હજારો લાખો યાત્રિકો વંદન - પૂજન - દર્શન કરી પોતાની જાતને ધન્ય - કૃતાર્થ માને છે. જેટલો ખર્ચો તે જમાનામાં નહીં થયો હોય તેનાથી વધારે તો પ્રત્યેક વર્ષે આવક આ તીર્થમાં થાય છે. કેવા ભાવ હશે તે સમયે પ્રભુભક્ત કર્માશાહના ? કેવા ભાવો હશે પ્રતિષ્ઠાચાર્ય વિદ્યામંડનસૂરિજી મહારાજના ? કેવા ભાવોની ભરતી આવી હશે તે સમયે ઉપસ્થિત ચતુર્વિધ સંઘના ભાગ્યશાળીઓનાં દિલમાં. જે પુણ્યાત્માઓએ આમાં કોઈ પણ રીતે ભાગ લીધો હશે તે તમામ ધન્યવાદને પાત્ર છે ! (ક્રમશઃ) ધ

## ★ પરિગ્રહ-૧ ★★★

- શ્રીધર્મમિત્ર

**न परावर्तते राशे - र्वक्रतां ज्ञातु नोज्झति ।**
**परिग्रहग्रहः कोऽयं, विडम्बितजगत्त्रयः ।।१।।**

મહામહોપાધ્યાય, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય તરીકે નવાજાયેલા અને જે તે સમયના વિદ્વાનોની હરોળમાં અગ્રેસર, જૈનોના કટ્ટર વિરોધી અને દ્વેષી ગણાતા બ્રાહ્મણોથી બિરદાવાયેલા શ્રીયશોવિજયજી ગણિવર....!

તેઓ દ્વારા રચાયેલા અનેક વિષયના અનેક ગ્રંથોમાં જૈન શાસનની 'ગીતા' જેવી પ્રભા ફેલાવનારા એક ગ્રંથના આધારે આ લેખ લખાઈ રહ્યો છે. આ ગ્રંથનું યથાર્થ નામ છે : શ્રીજ્ઞાનસાર પ્રકરણ. આ ગ્રંથમાં ૮-૮ ગાથા (શ્લોક) નાં ૩૨ અષ્ટકો છે. દરેકનો વિષય ભિન્ન-ભિન્ન છે. તે તે વિષયને અત્યંત સારભૂત શૈલીમાં સમાવી લેવાનો પૂ.ઉપાધ્યાયજી મહારાજે પ્રયાસ કર્યો છે. કોઈપણ પદાર્થનો વિસ્તાર કરવો સહેલો છે, પરંતુ સંક્ષેપ કરવો કઠિન છે. સારગ્રાહી શૈલીમાં રચના કરવાનું સ્તુત્ય કાર્ય પૂ.ઉપાધ્યાયજીએ કર્યું છે.

એ ૩૨ પ્રકરણમાંના ૨૫ મા અષ્ટકની વાત અહીં કરવી છે. એનો વિષય છે પરિગ્રહ.નવગ્રહો કરતાં વધુ શક્તિશાળી આ પરિગ્રહ છે. ભલભલા જીવોનેય આ ગ્રહ વળગેલો છે. સંતોષ ગુણ વિનાના તમામ જીવો આ ગ્રહથી પીડિત છે.



નવ ગ્રહોની પીડા તો કેટલાક સમયની અવધિ માટે જ હોય છે, જ્યારે પરિગ્રહ (માનો એ ૧૦ મો ગ્રહ છે. તે)ની પીડા તો આખા જીવન ને ઘમરોળે છે. તમામ મજાને લૂંટી લે છે. સમગ્ર જગતના જીવોને ભરડામાં લીધા છે. એમાં માનવો જ નહીં, તિર્યંચો (બેઇન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના) અને ચારે ગતિના જીવોને આ પરિગ્રહે બાનમાં લીધા હોય તેવી સ્થિતિ દેખાય છે.

પહેલા શ્લોકમાં ગ્રંથના કર્તા મહાપુરુષે ત્રણ વિશેષતાનું વર્ણન કર્યું છે. તેમાં નવ ગ્રહ કરતાં ભિન્ન અને વિલક્ષણ ગણી શકાય તેવી ત્રણ વાતો મૂકી છે. આ ત્રણ વાતો પર માનવ જો વ્યવસ્થિત ચિંતન કરે તો પરિગ્રહ નામના ગ્રહની વિપરીત અસરથી (દુષ્પ્રભાવથી) બચવાનો પુરુષાર્થ કર્યા વગર ન રહે.

શ્રીતીર્થંકર ભગવંતોએ બતાવેલાં ૧૮ પાપસ્થાનકોમાં આ પરિગ્રહને પાંચમા પાપ તરીકે વર્ણવ્યું છે. પરિગ્રહ જેમ વધે તેમ હિંસાદિ પાપો પણ વધે છે. પરિગ્રહવિના હિંસાદિ પાપો તેટલા પ્રમાણમાં થતાં નથી. અથવા પરિગ્રહનું મમત્વ ન હોય તે વ્યક્તિ મોટે ભાગે પાપના માર્ગે દોડતો નથી. વધુ આરંભ-સમારંભ પરિગ્રહવાળો જ કરી શકે છે.

યોગશાસ્ત્રમાં શ્રીહેમચન્દ્રાચાર્યજીએ પરિગ્રહને જ સંસારનું મૂળ ગણાવ્યું છે. તેઓ લખે છે : **संसारमूलमारम्भ-स्तेषां हेतुः परिग्रहः । तस्मादुपासकः कुर्यादल्यमल्यं परिग्रहम् ।।** સંસારનું મૂળ આરંભ - સમારંભ છે, આરંભ-સમારંભનો હેતુ પરિગ્રહ છે, તેથી શ્રાવકે પરિગ્રહને ઘટાડવો જોઈએ.

પરિગ્રહ વગરનો શ્રાવક (ગ્રહસ્થ) આરંભ-સમારંભ (હિંસા-પાપ) ક્યાંથી કરી શકે ? ત્યારે જ તો સંસારમાંય કહેવત પડી કે - પૈસો જ પાપ કરાવે છે. જીવમાં ધાર્મિકતા કે પુણ્ય-પાપની સમજ ન હોય, પાપનો ભય ન હોય, પાપથી મળનાર દુર્ગતિ કે દુઃખનું જ્ઞાન ન હોય તેને મળેલો પૈસો;પાપના માર્ગે જ વપરાતો જોવા મળે છે. વળી, બિનજરૂરી કે મોજ-શોખનું પાપ તો આ પૈસાના જોરે જ થાય છે ને?

આપણને નજરે જોવા મળે છે કે - ગરીબના જીવનમાં પરિગ્રહ ઓછો છે તેથી તેના જીવનમાં પાપો પણ ઘણાં ઓછાં હોય છે. ભલે તે માનસિક પાપો પેટ ભરીને કરતો પણ હોય. માનસિક પાપ માટે પૈસાની, સામગ્રીની કે વચન-કાયાના શ્રમની જરૂર પડતી નથી. મનનું પાપ; બિલકુલ હલન-ચલન ન કરનાર, વચનનો પ્રયોગ ન કરનાર, પરિગ્રહરહિત એવું તંદુલિયા મત્સ્યને સાતમી નરકમાં ધકેલી દે છે ! એ પણ માત્ર અંતમુહૂર્ત(૪૮ મિનિટ પણ પૂરી નહીં)માં જ ! ચક્રવર્તી હિંસા, પરિગ્રહ, મહાઆરંભ, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈ જ્યાં જાય છે, તે

જ સાતમી નરકમાં, તેટલા જ આયુષ્ય (૩૩ સાગરોપમ) વાળા ભવમાં તે માછલું પણ ચાલ્યું જાય છે ! આનો મતલબ એ પણ થાય છે કે - વચન - કાયાથી કે પાંચે ઇન્દ્રિયોથી જે પાપ થાય છે, તેટલું કે તેના કરતાં વધારે પાપ મનથી થઈ શકે છે. (તે જ રીતે મનથી થતા ધર્મધ્યાન કે શુક્લધ્યાન દ્વારા ધર્મ પણ તેટલો જ થઈ શકે છે, જે કેવળજ્ઞાન અપાવવા માટે સમર્થ છે !) મધ્યલોકમાં રહેલા જીવને ઉપર-નીચે બંને તરફ ૭-૭ રાજલોકનું અંતર છે.તે અંતર કાપવામાં મહત્ત્વનો ફાળો મનનો છે. શારીરિક શક્તિ ત્યાં કોઈપણ રીતે કામ લાગતી નથી. મનની ગતિને જીતી શકે તેવી શક્તિ પ્રાયઃ આત્મા સિવાય કોઈની પાસે નથી.

શારીરિક યાત્રા કરતાં વચન-યાત્રા અને વચનયાત્રા કરતાં મન-યાત્રા વધારે ઝડપી ગણાય છે. અને તે તમામમાં પુદ્ગલોની શક્તિ-ઝડપ છે. તેના કરતાં સ્થૂલ પુદ્ગલ રહિત, સૂક્ષ્મ પુદ્ગલો સહિત આત્માની યાત્રા ઝડપી હોવા સાથે તમામ પ્રકારનું સામર્થ્ય વધુ ગણાય છે. તેનાથી પણ પુદ્ગલરહિત જીવની (શુદ્ધ આત્મતત્ત્વની) તાકાત - સામર્થ્ય અચિંત્ય ગણાય છે.

આ જ રીતે વિચારીએ તો નવે ગ્રહો કરતા 'પરિગ્રહ' નામના ગ્રહની તાકાત વધારે છે. અર્થાત્ નવે ગ્રહ ભેગા મળીને જીવ માટે જ અનર્થ ન સર્જી શકે તેવા અનર્થો આ પરિગ્રહ સર્જી શકે છે ! કારણ નવ ગ્રહ કરતાં દશમા ગણાતા પરિગ્રહનું સામર્થ્ય વધારે છે. પરિગ્રહ શબ્દ જ જણાવે છે કે - પરિ એટલે ચારે બાજુથી ગ્રહ અર્થાત્ જીવને જકડે-પકડે-ગ્રહણ કરે તે પરિગ્રહ. જીવ જ્યારે ચારે-આઠે કે દશે દિશાથી ઘેરાઈ જાય ત્યાં તેને કોણ મુક્ત કરી શકે ? આ બધાં બંધનો અંતરંગ હોવાના કારણે તેને તોડવા માટે કોઈ બાહ્ય શક્તિ કામ નથી લાગતી. પુદ્ગલના સંગને જ પરિગ્રહ નથી ગણતા. પુદ્ગલ પરની મૂર્ચ્છાને પરિગ્રહ ગણે છે. આગમાદિ ગ્રંથોમાં જણાવ્યું છે કે - **'मुच्छा वुत्तो परिग्गहो'** ।

મૂર્ચ્છા રહિત હોવાના કારણે જ મુનિવરોને ઉપકરણ વગેરે હોવા છતાં અપરિગ્રહી ગણાવ્યા છે. તે જ કારણે મુનિવરને જરૂરી સાધનોને ઉપકરણ કહ્યાં છે. ઉપકાર કરે તે ઉપકરણ અને કર્મબંધનો અધિકારી બનાવે તે અધિકરણ ગણાય છે. ધાર્મિક ઉપકરણોનો ઉપયોગ શાસ્ત્રનિર્દિષ્ટ રીતે કરવાનો છે. તેના ઉપર રાગ-રતિ નથી કરવાનાં. જો રાગાદિનો ભાવ આવે તો ઉપકરણ ન રહેતાં અધિકરણ બની જાય છે. મહાવ્રતોનાં પાલન માટે મર્યાદિત ઉપકરણો જરૂરી ગણાવ્યાં છે. જિનકલ્પીને બેથી લઈ ચૌદ ઉપકરણ રાખવાની છૂટ છે. તેઓ તો નિરતિચાર ચારિત્રનું પાલન કરનારા છે. તેમની સાવધાની અપ્રમત્તતા તો ઉત્કૃષ્ટ ગણાય છે.



શરીર પર પણ રાગ રહિત હોય તે ઉપકરણ પર રાગ-આસક્તિ કઈ રીતે કરે ?

પરિગ્રહાષ્ટકના પ્રથમ શ્લોકની ત્રણ વાત પર વિચારણા કરીએ.

૧. **न परावर्तते राशिः** । નવે ગ્રહો પોત-પોતાના મર્યાદિત સમય માટેજ એક-એક રાશિમાં રહે છે, જેમ કે - ચન્દ્ર લગભગ સવા બે દિવસ, સૂર્ય લગભગ એક મહિનો, મંગળ પણ લગભગ દોઢ મહિનો... ત્યારબાદ આગળ-આગળની રાશિમાં પ્રયાણ કરે છે. ક્યારેક વક્રગતિથી પણ ચાલે છે. રાહુ અને કેતુ તો હંમેશા વિપરીત ગતિથી જ ચાલે છે. સૂર્ય-ચંદ્ર-રાહુ-કેતુઃ આ ચાર ગ્રહો સિવાયના પાંચ ગ્રહો જ વક્રી થાય છે. વક્રી-માર્ગી અને અતિચારીની વિચારણા આ પાંચ ગ્રહોમાં જ થાય છે.

પરિગ્રહની વિચારણા કરીએ તો તે ક્યારેય રાશિ પરિવર્તન કરતો નથી. અર્થાત્ મેષ-વૃષભાદિ રાશિઓ (જે ૧૨ ગણાય છે.) માં ગતિ કરતો નથી. પરિગ્રહ તો હંમેશા જીવોના સમૂહરૂપ એક જ રાશિમાં રહે છે.

નવ ગ્રહો કેટલીક રાશિમાં અનુકૂળ તો કેટલીક રાશિમાં પ્રતિકૂળ ગણાય છે. પરિગ્રહ તો હંમેશા દુઃખદાયી જ રહે છે. ભિખારીથી લઈ શ્રીમંતને પણ પીડા આપનારો આ ગ્રહ છે. કોઈ દુશ્મન પગ પકડે, કોઈક હાથ પકડે, કોઈક ગળેથી પકડે... આ પરિગ્રહ તો ક્યાંથી નથી પકડતો, એ સવાલ છે. પરિગ્રહાસક્ત વ્યક્તિ કંજુસ બને છે, ઉદારતાનાં દર્શન તેના જીવનમાં દુર્લભ હોય છે. તે આપવામાં નહીં, લેવામાં જ માને છે. અરે ! પરિગ્રહનો રાગી જીવ મમ્મણ શેઠની જેમ ભેગું કરવામાં જ જીવનની સફળતા માને છે, તે ભોગવવામાંય માનતો નથી. એટલે કે જગત માટે જ નહીં, જાત માટેય વાપરી શકતોનથી !

સૂર્ય-ચન્દ્રાદિ ગ્રહોનો સ્વભાવ પરિવર્તનશીલ છે. પરિગ્રહ અપરિવર્તનશીલ છે. પરિવર્તનશીલ ગ્રહોની પીડાવાળો માનવ એમ વિચારી શકે કે - જે તે ગ્રહની સ્થિતિ બદલાશે ત્યારે તો સુખ મળશે, દુઃખ ટળશે... જેમ કે - શનિ, જે સૌથી ધીમી ગતિવાળો ગણાય છે ને એક રાશિમાં લગભગ ૩૦ મહિના એટલે કે અઢી વર્ષ સુધી રહે છે. અઢી વર્ષ પછી તો તે પોતાની રાશિમાંથી બીજી રાશિમાં જાય છે. વળી, શનિ સિવાય કોઈ જ ગ્રહની પનોતી ગણાતી નથી. શનિની નાની પનોતી અઢી વર્ષની તો મોટી પનોતી સાડાસાત વર્ષની ગણાય છે. સાડા સાત વર્ષ પછી તો તેની પીડાનો અંત આવશે, એવું માનસિક આશ્વાસન મળે છે. જ્યારે પરિગ્રહ એક જ રાશિમાં હંમેશા રહેતો હોવાથી પીડાથી મુક્તિનો અહેસાસ કે આશ્વાસન મળતાં નથી. મમ્મણને આ પરિગ્રહે જ આખી જિંદગી હેરાન કર્યો.

ક્યારેય શાંતિ ન મળવા દીધી. ન ખાવાનાં - પીવાનાં ઠેકાણાં, ન પહેરવા ઓઢવાનું સુખ, ન રાત્રિમાં શાંતિની ઊંઘ... ન દિવસે પણ ચેન... કાળી મજૂરી કરવા છતાં પરિગ્રહની પૂર્તિ તો ન જ થઈ !

પરિગ્રહના ગ્રહથી ગ્રસિત જીવનાં શાંતિ-સમાધિ-સુખ વગેરે છિનવાઈ જાય છે. જિંદગી જીવ્યાનો કે માણ્યાનો અનુભવ એનો પડછાયોય આપી શકતો નથી. વસ્તુ હોય તો એનો પડછાયો પડે ને ? પડછાયોય જવા દો.. તેનું સ્વપ્ન પણ એ બિચારા જીવને આવતું નથી ! હા, ક્યારેક સ્વપ્ન આવે તોય વેદનાનો વધારો કરનારું જ હોય !

કેટલાકને શનિની પનોતી પણ પીડા આપનારી ન બને... લાભદાયી બને એ સંભવિત છે. જેમ કે તે(શનિ)ની પનોતી કઈ રાશિમાં પ્રવેશથી શરૂ થઈ, તે વખતે ચન્દ્ર કઈ રાશિમાં હતો તેના પરથી એ પનોતી લાભ કે નુકશાન કરનારી બનશે, તે નક્કી થાય છે. તેમાં સોનું, રૂપું, તાંબા અને લોઢાના એમ ચાર પાયા ગણાય છે. સોનાના પાયાવાળી ચિંતા કરાવે. રૂપાના પાયાવાળી દ્રવ્યનો લાભ કરાવે. તાંબાના પાયાવાળી પનોતી લક્ષ્મી અપાવે અને લોઢાના પાયાવાળી પનોતી કષ્ટદાયક બને છે. પરંતુ પરિગ્રહની પનોતી કાયમી હોય છે. તે પણ હંમેશા જાણે લોઢાના કે સોનાના પાયે ના રહેતી હોય તેમ કષ્ટદાયક અને ચિંતાનું જ કારણ બને છે.

શારીરિક-માનસિક શ્રમ, માનસિક ચિંતા, ભૂખ-તરસની પીડા, ઊંઘમાં ખલેલ, હિંસા-જૂઠ આદિ પાપો અને પુણ્યના ખર્ચ વિના પરિગ્રહની રિદ્ધિ મળતી નથી ! એક પરિગ્રહ કેટલાંય પાપોનું ઘર છે. હિંસા-જૂઠ-ચોરી-રાગ-રતિ-લોભ માયા-માયામૃષાવાદાદિ પાપો કર્યા વગર મનમાન્યો પરિગ્રહ ભેગો થતો નથી. અનીતિ - અન્યાયનો આશ્રય લેતાંય એ જીવ વિચારતો નથી, પાછો પડતો નથી. પરિગ્રહ સાથે સાહચર્ય ભાવે ઘણાં પાપો ન બોલાવવા છતાં આવી જાય છે.

પરિગ્રહ એવો ગ્રહ છે કે - તે સગા બાપને, ભાઈ વગેરેને અથવા જીગરી મિત્રનેય શત્રુ બનાવી દે છે ! પૈસાનો વ્યવહાર ઘણા સંબંધોને ખાટા અથવા ઝેરી બનાવી દે છે. સંબંધોમાં માધુર્ય અને વિશ્વસનીયતા પેદા કરતાં વર્ષો નીકળી જાય છે, જ્યારે તેને બગડતાં સેકંડોય લાગતી નથી. ક્યારેક સેકંડોમાં, ક્યારેક મિનીટોમાં તો ક્યારેક ગણતરીની ક્ષણોમાં આગ લાગી શકે છે. આવી આગ લાગવાનાં ઘણાં કારણોમાં એક મહત્ત્વનું કારણ પરિગ્રહ પણ છે. આ આગ સ્વ-પર ઘણાને બાળે છે.



પરિગ્રહની સજ્ઝાયમાં પણ ઠીક જ જણાવ્યું છે કે ''પરિગ્રહ ભાર ભર્યા ભાણી, પામે અધોગતિ દુઃખ-ખાણી.. જસ મતિ લોભે લલચાણી... હો ચેતન ! ચતુર સુણો ભાઈ !'' લોભી માણસને પરિગ્રહ ક્યારેય ભાર ભૂત લાગે ? હરગિજ નહીં.

પરિગ્રહનો શબ્દાર્થ એવો પણ થઈ શકે કે - જે ચારે તરફથી ગળું-ગળચી પકડે તે પરિગ્રહ ! ચામ - જૂની જેમ જે ચોંટે તે પરિગ્રહ.... પરિગ્રહ એક બેડી રૂપ પણ છે. પરિગ્રહનામના પાંચમા પાપની સાથે લોભ નામના નવમા પાપને એક વિશિષ્ટ ભાઈ-ચારાનો સંબંધ છે, એવું કહીએ તો અતિશયોક્તિ નથી. અર્થાત્ પરિગ્રહ જીવને લોભી અથવા લોભાંધ પણ બનાવે છે. અંધની દુર્દશા કેવી હોય તે સૌ જાણે જ છે ! અલબત્ત, આંખથી અંધ હોય તેના પર તૌ સહુને દયાનો ભાવ જાગે, તેનું કોમળ દિલ તો અંધ પ્રત્યે લાગણીશીલ બને પરંતુ લોભાંધ જીવ માટે તો કોને દયા આવે ? કોના હૃદયમાં લાગણી જન્મે ? **(ક્રમશઃ)** ધ

## ★ લોકપ્રકાશના ભાવો, લોક ભોગ્ય ભાષામાં... ★★★

**સંકલનઃ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા.**

જંબૂદ્વીપની જગતી (કિલ્લો) થી આલિંગન કરાયેલો આ લવણ સમુદ્ર પૂર્વાદિ ચારે દિશામાં ચાર દ્વાર (દરવાજા) રૂપ મુખવાળો હોવાથી ચતુર્મુખ કહેવાય છે.

ધાતકીખંડના પૂર્વાધમાંથી લવણ સમુદ્રમાં પ્રવેશ કરતાં શીતોદા નદીની ઉપર પૂર્વદિશામાં વિજય નામનું દ્વાર છે. તેજ રીતે દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તરમાં ક્રમશઃ વૈજયંત - જયંત અને અપરાજિત દ્વાર આવેલાં છે. તે માટે દ્વારના અધિષ્ઠાયક દેવો તે - તે નામ થી જ છે. મતલબ, વિજયનામના દ્વારના અધિષ્ઠાયક વિજયદેવ.. આ રીતે સમજવું.

આ ચારે દેવોની રાજધાનીઓ આ લવણસમુદ્રમાં નથી પરંતુ અહીંથી અસંખ્ય દ્વીપ-સમુદ્ર ગયા બાદ લવણ સમુદ્ર આવે છે, જ્યાંનું પાણી ખારું નથી પણ શેરડીના રસ જેવું મીઠું છે, ત્યાં તેમની રાજધાની સમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજન ગયા બાદ આવેલી છે.

વિજયાદિ ચારે દ્વારો વચ્ચેનું અંતર ૩,૯૫,૨૮૦ યોજન અને એકગાઉનું છે. એક-એક દ્વારની પહોળાઈ ૮-૮ યોજનની છે. આ દ્વારોની પહોળાઈ વગેરે તમામ માપો અને વર્ણન રચના જંબૂદ્વીપના દ્વાર પ્રમાણે જ જાણવું.

(વધુ આવતા અંક સેટ કરો.)